ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૬-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

ઉત્તરાખંડના પુનનિર્માણમાં થાગડથીગડ નહીં

ઉત્તરાખંડના માથે મોતના ઓળા ઊતર્યા પછી જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ મૃત્યુઆંક વધતો જાય છે. અધિકૃત રીતે હજારેક શબ મળ્યાં છે પરંતુ હજારોની સંખ્યામાં લોકો ગુમ થયેલ છે. દસ દસ દિવસ સુધી આ મોબાઈલ ટેકનોલૉજી અને ઈન્ટરનેટના યુગમાં હજારો માણસો વિશે કશી જ માહિતી ન મળતી હોય ત્યારે એમની હયાતી વિશે અમંગળ આશંકા ન જાગે તો જ નવાઈ. એકાદ લાખ જેટલા લોકોને સલામત રીતે બહાર કાઢ્યા પછી પણ હજી હજારો લોકો ફસાયેલા છે, જે બદરીનાથ કે અન્ય સ્થળોએથી વહેલી તકે પવન પાવડીએ ચઢી દહેરાદૂન જેવી સલામત જગ્યાએ પહોંચવા આતુર છે. ભારતીય વાયુસેના, ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસ અને રાષ્ટ્રીય આપદા પ્રબંધન સંસ્થાના જવાનો જીવના જોખમે ફસાયેલા યાત્રાળુઓને હેલિકૉપ્ટર મારફત સલામત સ્થળે ખસેડી રહ્યા છે. છેલ્લે ફરી એકવાર હવામાનમાં પલટો આવતાં આ બચાવ કામગીરી ખોરવાઈ હતી. નિશ્ચિત ધારાધોરણોને અવગણીને માનવતાની રૂએ વાયુસેનાના બહાદુર જવાનો આ બચાવકાર્ય પૂરી નિષ્ઠા સાથે કરી રહ્યા હતા ત્યાં ગૌરીકુંડ ખાતે વાયુસેનાનું હેલિકૉપ્ટર તૂટી પડતાં ભારે હૃદયદ્રાવક સ્થિતિ સરજાઈ છે. કેદારનાથ ખાતે મૃતકોના અગ્નિસંસ્કાર માટેની સામગ્રી પહોંચાડી પરત ફરતાં આ વાયુયાન ખરાબ હવામાનને લીધે દુર્ઘટનાગ્રસ્ત થયું, જેમાં ઓગણીસ જવાનો શહીદ થયા છે. ધરમ કરતાં ધાડ પડે તે આનું નામ. આપણા વીર સૈનિકોએ એમની ફરજ બજાવતાં જીવ ખોયો છે. વાયુસેનાના વડાએ સ્થળ પર આવી જવાનોને બિરદાવ્યા છે. વીરગતિ પામેલા આ જવાનોના માનમાં ઉત્તરાખંડની રાજ્ય સરકારે એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે અને મૃતકો દીઠ દસ દસ લાખનું વળતર ચૂકવવા ઉપરાંત એમના બાળકોને નિઃશુલ્ક શિક્ષમ આપવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકારે પણ એ જાંબાઝ સૈનિકોને મદદરૂપ થવા પાંચ પાંચ લાખના વળતરની જાહેરાત કરી સ્તુત્ય પગલું ભર્યું છે. ઉત્તરાખંડની ત્રાસદીને ભલે રાષ્ટ્રીય આપદા જાહેર ન કરાઈ હોય પરંતુ આખો દેશ અત્યારે એ દુખિયારાં લોકો પ્રત્યે હમદર્દી ધરાવે છે. રાજ્યની કથળેલી આર્થિક સ્થિતિમાં આ પડતા પર પાટુ જેવો ઘાટ થયો છે. હવે પછીના સમયગાળામાં ભયંકર રોગચાળો ફાટી નીકળવાની શંકા સેવાઈ રહી છે. સરકાર આ મુદ્દે વેળાસર પગલાં ભરવાની જરૂર છે. થોડાં વર્ષો પૂર્વે આવેલી દરિયાઈ આફત (સુનામી) કે કચ્છના ભૂકંપ પછી ત્યાંની પ્રજા હિંમતપૂર્વક બેઠી થઈ ગઈ હતી. પહાડી પ્રજા પાસે કદાચ સમુદ્ર સિનારે વસતી પ્રજા જેવું કે કચ્છી માડુઓ જેવું ખમીર નથી. તેથી આ ક્ષતવિક્ષત દેવભૂમિને કળવળતાં ખાસ્સો વખત લાગવાની સંભાવના છે. કેન્દ્ર સરકારે એની ગંભીરતા સમજી પહેલા તબક્કે સીધી જ એક હજાર કરોડ જેવી માતબર રકમ ફાળવી આપી ઉત્તરાખંડને હામ બંધાવી છે. પરંતુ હવે ફક્ત થાગડથીગડ નીતિથી કામ નહીં ચાલી શકે. આખા હિમાલય પ્રદેશની નવેસરથી સમીક્ષા થવી જરૂરી છે. એને માટે પર્યાવરણવિદો અને ભૂવૈજ્ઞાનિકોની સલાહ મુજબ નવેસરથી માસ્ટરપ્લાન બનાવવાની જરૂર છે. વળી સંરક્ષણની દૃષ્ટિએ પણ આ સરહદી વિસ્તાર ખૂબ અગત્યનો ગણાય. પ્રજા ફક્ત પ્રવાસન ઉદ્યોગ પર જીવવા ટેવાઈ છે ત્યારે પ્રદૂષણ ન ફેલાવે એવો ઉદ્યોગો અને રોજગારી ઉપલબ્ધ કરાવે એવા ગૃહઉદ્યોગો વિકસાવી શકાય. ઉત્તરાખંડના મુખ્યમંત્રી કહે છે કે પ્રવાસીઓની સંખ્યાને નિયંત્રિત કરવાનું કામ અશક્યવત્ છે, કારણ કે લોકો અહીં ધાર્મિક આસ્થા સાથે આવતા હોય છે. પરંતુ તેમ છતાં એમને વેળાસર પાછા મોકલવાના મુદ્દે તો રાજય સરકાર કાયદો અને વ્યવસ્થાનો હવાલો આપી જરૂર દબાણ લાવી શકે. ઉત્તરાખંડની આ પ્રલયકારી ઘટના પછી પણ આપણી આંખ ન ઊઘડે તો ખુદ બદરીનાથ કે કેદારનાથ પણ આપણને ન જ બચાવી શકે તે સત્વરે સમજી લેવાની જરૂર છે.

સુરેલા (પેથાપુર) પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સુરેલા (પેથાપુર) પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં રંજનબેન મ. પટેલ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શાળા દ્વારા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ વિદાય સમારંભમાં રંજનબેન તરફથી પ્રાથમિક શાળામાં બાળકો માટે અને શાળામાં ૩૭ વર્ષ સુધી નોકરી કરી શાળાનું ઋણ ઉતારવા માટે શાળામાં 'વોટર કુલર' ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ જીગરભાઈ પટેલ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ વિક્રમસિંહ હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમને અનુરૂપ બંને સંઘના પ્રમુખોને સંઘમાં લોક ફાળા નિમિત્તે રૂ. ૫૦૦૧ અને રૂ. ૫૦૦૧ એમ મળી કુલ ૧૦,૦૦૨ આપવામાં આવ્યા હતા.

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ કૉલેજનું ગૌરવ અમી પટેલ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા એપ્રિલ ૨૦૧૩ બી.એ. સેમેસ્ટર-૨માં અમી વસંતભાઇ પટેલે મુખ્ય વિષય અંગ્રેજી સાથે યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકમાં ૮૧.૨૮ ટકા મેળવી આઠમું સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. અમી વસંતભાઇ પટેલને અંગ્રેજી વિભાગ તથા સમગ્ર કોલેજ પરિવાર તરફથી અભિનંદન.

વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે રોષ

વાલીઓની આજે બેઠક બાદ હડતાલની જાહેરાત થઈ શકે

અમદાવાદ, તા.૨૬

અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલ એચ.બી. કાપડીયા સ્કુલમાં ધોરણ-૧થી ૧૨ની ફી તેમજ અન્ય એક્ટીવીટી ફીમાં અચાનક વધારો કરી દેવાતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયેલો છે. આ ફી વધારાના વિરોધમાં આજે વાલીઓએ શાળાના આચાર્યને આવેદનપત્ર આપીને ફી વધારો પાછો ખેચવા માંગ કરી હતી. હવે આવતીકાલે આગળની રણનીતિ કરવા માટે વાલીઓની મીટીંગ મળશે. જેમાં શાળામાં હડતાલ પાડવા સુધીના નિર્ણય લેવાઈ શકે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલ એચ.બી. કાપડીયા સ્કુલમાં ધોરણ-૧થી ૧૨ની સત્ર ફી તેમજ એક્ટીવીટી ફીમાં વધારો કરવામાં આવ્યો હતો. જેના વિરોધમાં પાંચ દિવસથી વાલીઓ લડત ચલાવી રહ્યા છે ત્યારે આજે વાલીઓએ શાળાના આચાર્યને રૂબરૂમાં મળીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧થી ૧૨માં કરવામાં આવેલ વધારો પાછો ખેચવા માંગ કરવામાં આવી હતી. હવે આવતીકાલે વાલીઓની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જો શાળા દ્વારા ફી વધારો પાછો ખેચવામાં ન આવે તો હડતાલની જાહેરાત કરવાનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત સ્કુલ ફીમાં વધારો, સ્માર્ટ બોય, એસએમએસ, ન્યુઝ પેપર, ગ્રુપ ફોટો, વાર્ષિક સંમેલન જેવા ખર્ચાના નામે ઉઘરાવવામાં આવતી ફી રદ કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે એચ.બી. કાપડીયા સ્કુલ દ્વારા અચાનક ધોરણ ૧ થી ૧૨ની સ્કુલ ફી અને અન્ય એક્ટીવીટ ફીમાં ૧૦૦ ટકા સુધીનો વધારો કરી દેતા વાલીઓમાં રોષ વ્યાપી ગયો છે અને વાલીઓ છેલ્લા પાંચ દિવસથી સ્કુલ કેમ્પસમાં દેખાવો કરી ફી વધારો પાછો ખેચવા માટે માંગ કરી રહ્યા છે.

ગુજરાત યુનિ.માં રાજકારણ પરાકાષ્ઠાએ

પરિમલ ત્રિવેદીના વિરોધી આદેશપાલના માનીતા છે

અમદાવાદ, તા.૨૬

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે આદેશપાલની નિમણુંક થઈ છે ત્યારથી સતત તેઓ એક યા બીજા કારણોસર વિવાદોમાં રહેશે. અનેક કૌભાંડોના આક્ષેપોનો સામનો કરી રહેલ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલ અંગે વધુ એક બાબત યુનિવર્સિટી કેમ્પસમાં ચર્ચાનું કેન્દ્ર બની છે જે મુજબ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદીના જે વિરોધીઓ હતા તે તમામને અધિકારીઓ એક યા બીજા કારણોસર વર્તમાન કુલપતિના માનીતા બન્યા છે.

યુનિવર્સિટીમાં અત્યારે ચર્ચાઈ રહેલ મુજબ પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદીએ ગેરવર્તણુક બદલ પ્રોફેસર પ્રદિપ પ્રજાપતિએ સસ્પેન્ડ કર્યા હતા જો કે યુનિવર્સિટીના કુલપતિ પદે આદેશપાલની નિમણુંક બાદ યુનિવર્સિટીના પ્રવક્તાની નવી પોસ્ટ બનાવી તે પોસ્ટ ઉપર પ્રદિપ પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પ્રદિપ પ્રજાપતિને પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદીએ ચાર વખત સસ્પેન્ડ કર્યા હતા. આથી ઉલટુ પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદીના માનીતા મનાતા યુનિવર્સિટીના ચીફ એકાઉન્ટન્ટ ઓફિસર મિનેશ શાહને અનેક લાભો મળ્યા હતા. જો કે આદેશપાલે તાજેતરમાં જ ચીફ એકાઉન્ટન્ટ ઓફિસર મિનેશ શાહને ડિગ્રી મુદ્દે બરતરફ કરવામાં આવ્યા છે. આમ ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદીના વિરોધીઓ વર્તમાન કુલપતિ આદેશપાલના માનીતા બની ગયા છે.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલુ શાલે નવીન વરાયેલા હોદેદારોની વરણી કરવામાં આવી છે. આ નિમણુંકમાં પ્રમુખ તરીકે બળદેવભાઈ ચૌધરી, મહામંત્રી તરીકે વિક્રમસિંહ ચાવડા, સિ. કાર્યાધ્યક્ષ તરીકે મીઠાભાઈ પટેલ, કાર્યાધ્યક્ષ તરીકે કલ્યાણસિંહ ચાવડા, કાર્યાધ્યક્ષ તરીકે દિપકસિંહ ઝાલા, સિ.ઉપ પ્રમુખ તરીકે દશરથભાઈ પટેલ, ઉપપ્રમુખ શીવાભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તરીકે પ્રવિણભાઈ પટેલ, ખજાનચી તરીકે સુજલકુમાર પટેલ, મંત્રી તરીકે તુલસીભાઈ મકવાણા, સંગઠન મંત્રી તરીકે દલપતસિંહ રાઠોડ, સંગઠન મંત્રી તરીકે પ્રતાપજી ઠાકોર તેમજ ગૌતમભાઈ પટેલ, પ્રચાર મંત્રી તરીકે રજનીકાન્ત કાપડીયા, હેમંતકુમાર ઠાકર અને જશુભારથી એમ. બાવાની નિમણુંક કરવામાં આવી છે. ઓડિટર તરીકે નવિનચંદ્ર પટેલ તેમજ મહિલા સેલ કન્વીનર તરીકે દિનાબેન ત્રિવેદી અને સહ કન્વીનર તરીકે વિણાબેન પટેલ અને સંપાદક સદસ્ય શિક્ષક જ્યોત તરીકે જશવંતસિંહ ભાટીની નિમણુંક થતાં શિક્ષકઆલમમાં હર્ષ અને આનંદની લાગણી ફેલાવા પામી હતી.

વલસાડ જિલ્લાની આદિવાસી યુવતી હોટેલ મેનેજમેન્ટના અભ્યાસ થકી બની પગભર

કંઇક કરવાની ધગશ અને હિંમત વ્યક્તિને તેના સ્વપ્નાઓ પરિપૂર્ણ કરવામાં ખૂબ સહાય કરે છે. નક્કી કરેલું ધ્યેય ધગશ અને હિંમતથી અચૂક હાંસલ કરી શકાય છે. તે અંતરિયાળ વિસ્તારમાંથી આવતી આદિવાસી યુવતી શીતલે સાબિત કરી આપ્યું છે. તે આજે ગાંધીનગરની કેમ્બે હોટેલની બેસ્ટ અમ્પ્લોઇ બનવાનું બહુમાન પણ મેળવી ચુકી છે.

જીવનમાં સૌ પ્રથમ વાર ગાંધીનગર અને અમદાવાદ જેવા શહેરોને નિહાળનાર આદિવાસી શીતલને કેમ્બે હોટેલમાં બેસ્ટ એમ્પ્લોઇનું ટાઇટલ મળ્યું છે

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના બિલપુડી ગામની આદિવાસી કન્યા શીતલ રીમનભાઇ રાવતને વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી યુવાનોને નિઃશુલ્ક હોટલ મેનેજમેન્ટ કોર્સની તાલીમ અપાય છે. તેવી માહિતી મળી. તેને કેમ્બે ઇન્સ્ટીટયુટ ઓફ હોસ્પીટાલીટી મેનેજમેન્ટ સંસ્થા એનાર્ડે ફાઉન્ડેશને શીતલની ખુબ મદદ કરી. માત્ર આઠ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવનાર શીતલની ખેત મજૂરી કરતી માતા તેને આટલી દૂર ગાંધીનગર મોકલવા તૈયાર ન હતી. પરંતુ હોટેલ મેનેજમેન્ટની તાલીમ મેળવવા મક્કમ નિર્ધાર કરનાર શીતલે માતાને સમજાવી ગાંધીનગરની વાટ પકડી. ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરનાર શીતલને કેમ્બે ઇન્સ્ટીટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ ખાતે ફૂડ એન્ડ બેવરેજીસ સર્વિસમાં પ્રવેશ મેળવ્યો. સૌ પ્રથમવાર ગાંધીનગર-અમદાવાદ જેવા શહેરો જોનાર શીતલે ખુબ મહેનત કરી કઠીન અભ્યાસક્રમ પૂર્ણ કર્યો અને કેમ્બે હોટલની રેસ્ટોરન્ટમાં તાલીમાર્થી તરીકે જોડાવવાની તક મળી. પંચતારક હોટલની જરૂરીયાત મુજબ શીતલે પોતાના વ્યક્તિત્વનો વિકાસ કર્યો એટલું જ નહિ સ્પીકીંગ ટેકનીક પણ વિકસાવી. તેની નિષ્ઠા અને કાર્ય કરવાની ધગશના પરિણામે તેને માર્ચ-૨૦૧૩માં બેસ્ટ એમ્પ્લોઇ ઓફ ધી યરનો ખિતાબ પણ મળ્યો. શીતલ હવે દર મહિને તેવા વેતનમાંથી થોડીક રકમ માતાને મોકલાવે છે અને પગભર થઇ સ્વાભિમાનથી જીવન વિતાવે છે.

સંગીત શબ્દ સ્વયં કેવો મહાન છે, તેની ખૂબી એ છે કે તે અખંડ શબ્દ છે એટલે કે ત્રણ અક્ષરથી બનેલા આ શબ્દનો કોઇ પણ અક્ષર ગમે ત્યાંથી ઉઠાવો તો પણ બાકી વધેલા બે અક્ષરનો એવો અર્થ નીકળે છે જે સંગીત સાથે બંધ બેસતો જ હોય

આપણા દૈનિક જીવનમાં જોઇએ તો સંગીત સાંભણવાનું ગમે છે આનંદ આપે છે. કરૂણ સ્વરો આપણને ક્યારેક રડાવી દે છે લય સાથે જુમી ઊઠીએ છીએ. સંગીત આપણી આસપાસ બધે જ છે. સંગીત આપણા કાનમાં રહેલા સાંભળતા અવયવોને સચેત કરે છે. અવાજ એ જુદી જુદી આવૃત્તિઓનો ફુલોનો ગુચ્છો છે જયારે અવાજ કર્કશ હોય ત્યારે કાનને સાંભળવો ના ગમે ત્યારે ઘોઘાંટ બને છે.

સંગીત ઉપચાર એક અદ્‌ભૂત ઉપચાર પદ્ધતિ છે. સ્વાસ્થ્ય અને સંગીતનો સહસંબંધ વૈજ્ઞાનિક રીતે પુરવાર થયો છે. દક્ષિણ ભારતની ચેન્નાઇ (મદ્રાસ)ની અન્નામલાઇ યુનિ. ના વનસ્પતિશાસ્ત્રી ડો. ટી. વી. સિંહે કરેલા રિચર્સનાં તારસો રસપ્રદ છે. આ રિસર્ચ તેમણે હાઇડ્રિલા નામના જલીય છોડ ઉપર કરવામાં આવી હતી. વિદ્યુત સંચાલિત એક ટ્યુનીંગ ફોર્ક નો ઉપયોગ કરી સ્વરના પડતા લયબદ્ધ ધ્વનિની અસર નોંધવામાં આવી હતી. તેના આધારે જાણવા મળેલ કે છોડની કોશિકાઓમાં રહેલા જીવ દ્રવ્ય (પ્રોટોપ્લાઝમ)ની સક્રીયતા વધી ગઇ હતી. આ જ પ્રયોગનું પુનરાવર્તન છોડ પાસે વાયોલિન વાદન કરવામાં આવેલ. આનું પરિણામ પણ હકારાત્મક આવેલું. જે છોડ પાસે વાયોલિન વગાડવામાં આવ્યું હતું તે છોડ બીજા કરતા વધારે મોટા અને મજબૂત હતા. ત્યારબાદ તેમણે અલગ - અલગ જાતનાં છોડ ઉપર સંગીતના પ્રભાવનો અભ્યાસ કર્યો. આ પ્રયોગોમાં ઊંચી ફ્રિકવન્સીવાળા સેકન્ડ દીઠ ૧૦૦ થી ૬૦૦ કંપનોવાળા ચાર-પાંચ ધ્વનિ તરંગોનો પ્રયોગ કર્યો અને માલુમ પડ્યું કે મધુર ધ્વનિના પ્રભાવથી વૃક્ષ - છોડના વિકાસની ગતિ અનેક ગણી વધી જાય છે.

ડો. સિંહે અનાજની ઉપજ વધારવા માટે સંગીતનો ઉપયોગ કર્યો આનું પરિણામ એ આવ્યું કે આ ગાળામાં ૨૫ થી ૬૦ સુધી ઉપજમાં વધારો થઇ મગફળીના પાકમાંની ઉપજમાં સામાન્ય કરતા ૫૦ ટકા વધારે થઇ. સંગીતની સાથે ભરતનાટયમ્ જેવા નૃત્ય નો સમાવેશ કરવામાં આવ્યો તો આ વધારો તેનાથી પણ વધારે જોવામાં આવ્યો.

એક નર્સરીમાં એક નાનું ટેપરેકોર્ડર મુકવામાં આવ્યું જેનાથી ચોવીસે કલાક સુમધુર સંગીતની સુરાવલિઓ રેલાતી રહેતી હતી. જયારે બીજી નર્સરીમાં આવી કોઇ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. જે નર્સરીમાં સંગીતની સુરાવલિ રેલાતી હતી ત્યાં છોડ જલ્દી ઉગ્યા અને વૃદ્ધિ પામ્યા. તેના થડ પર બીજા કરતાં વધારે મોટા અને મજબૂત બન્યા. બીજું એક એ પણ તારણ મળ્યું કે ઉચ્ચ કંપનીવાળો ધ્વનિ તંરગોના પ્રયોગોથી ઘઉંમાં થતી જીવાતોથી છુટકારો મેળવી શકાય છે. કેનેડાના કૃષિ વિભાગના સંશોધન વૈપાનિકો પીટર બેલ્ટે પણ પોતે કરેલા પ્રયોગોના આધારે સમર્થન આપ્યું છે કે અસ્ટ્રાસોનિક ધ્વનિતરંગોના પ્રયોગથી પાકને નુકશાન કરતી જીવાતોથી બચાવી શકાય છે. ઉપરાંત એનાથી ઉત્તમ ગુણવત્તાવાળો પાક વધારે પ્રમાણમાં ઉગાડી શકાય છે. સંગીત જો વનસ્પતિ પર અસર કરતું હોય તો માનવી પર પણ કરે જ ને?

ન્યૂયોર્કના ડો. એડવર્ડ પોડોલ્સ્કીએ આ વિષય પર સંશોધન કરેલું અને તેના નિષ્કર્ષ રૂપે તેઓ જણાવે છે કે સંગીતથી માનવીના શરીરમાં રૂધિરાભિસરણ ખૂબ સારૂ થાય છે. અને કોષોમાં નવજીવનનો સંચાર થાય છે. કોષોમાં નવજીવનનો સંચાર કરે છે ફેફસા અને હૃદયનાં રોગોમાં ખૂબ રાહત કરે છે. શરીર માટે નુકશાન કારક તત્વો અને ઝેરી પદાર્થોનો નિકાલ કરે છે. સંગીતની સુરાવલિઓ શરીરની કલીલ દ્રાવણ સંરચના (કાલોઇડલ સ્ટ્રકચર્સ) પર અસર કરે છે. આપણી શ્લેષણ સપાટી માટે જરૂરી પોઝીટીવ ચાર્જ ઉત્પન્ન કરી રોગોના નિવારણ માટે મદદરૂપ થાય છે.



અમેરિકામાં વિટસબર્ગના રાલ્ફ લોરેન્સે સંગીતની રોગ ઉપચાક અસરો જોયા પછી દર્દીઓ સંગીતનો એક ચિકિત્સાના સાધન તરીકે ઉપયોગ કરી શકે તે માટે વૈજ્ઞાનિક સંશોધનો પર આધારિત સંગીતની ધુનો અને ગીતો તૈયાર કર્યા છે. આના માટે તેમણે જે સંસ્થા બનાવી છે તેનું નામ છે આર.ફોર આર. તેનું વિસ્તૃત રૂપ થાય છે. રેકોર્ડિંગ ફોર રિલેકશેસન, રિફ્લેકશન રિસ્પોન્સ એન્ડ રિકવરી.

લંડનના કેટલાક તબીબોએ સંગીતની સૂરાવલિઓની માતાના ગર્ભમાં વિકાસ પર કેવો પ્રભાવ પડે છે તે જણાવા પ્રયોગો કર્યો હતો. અનેક ગર્ભવતી મહિલાઓનાં ગર્ભસ્થ શિશુઓના ખાસ પ્રકારનું મધુર સંગીત શ્રવણ કરાવવામાં આવ્યું હતું. એના પરિણામ રૂપે એવું જાણવા મળ્યું કે ૨૯૦ માંથી ૨૮૪ બાળકો એવા જન્મ્યા કે સામાન્ય બાળકો કરતો વધુ તંદુરસ્ત, શક્તિશાળી, બુદ્ધિશાળી અને ગુણવાન હતા.

આવા અનેક પ્રયોગો પરથી અર્વાચીન કાળના મેડિકલ ક્ષેત્રે સંશોધન કરનારા તબીબો જણાવે છે કે સંગીત સૂરાવલિઓથી શરીર વધુ સ્વસ્થ અને શક્તિશાળી બને છે. એનાથી પ્રોટોપ્લાઝમ વધુ મજબૂત થાય છે. અને સ્નાયુઓને દૃઢ બનાવી હૃદય ફેફસાને લાભ કરે છે. સંગીત માનસિક દબાણ - તાણ ને દૂર કરનારૂં અકસીર ઔષધ છે. શરીરના મોટા ભાગનાં રોગો મનોદૈહિક (સાઇકોસોમેટિક) પ્રકારના રોગો હોય અને છે માનસિક તણાવ કે મનોદબાણ (મેન્ટલ સ્ટ્રેસ) ચિંતા, ભય વગેરે દુર્ભાવો દુર થઇ જતાં શરીર સ્વસ્થ અને શક્તિશાળી બની જાય છે. આમ સંગીત શરીર અને મનને સ્વસ્થ એક ઉત્તમ સાધન બની જાય છે.

જો આપણે પ્રાચીન ઇતિહાસમાં ડોકીયું કરીએ તો સંગીત આધારિત ચિકિત્સાને કદાચ પ્રસિદ્ધિ ન મળી હોય પરંતુ તેનો ઇતિહાસ તો ઘણો જૂનો છે. બાઇબલમાં પણ સંગીત મદદથી ઇલાજ કર્યાનો ઉલ્લેખ મળે છે. સાતમી અને આઠમી સદીમાં તુર્કી અને ઇરાનમાં પણ સંગીત થકી સારવારના ઇતિહાસ છે.

જયારે ભારતમાં આપણે ચાર વેદોમાંથી સામવેદમાં સંગીતની ચિકિત્સા શક્તિઓનો ઉલ્લેખ છે. ભારતમાં સંગીત દ્વારા કરવામાં આવતા ઇલાજ ને રાગ ચિકિત્સા કહેવામાં આવે છે. કારણ કે આ પ્રક્રિયામાં આપણે ત્યાં શાસ્ત્રીય સંગીતમાં રાગ - રાગણીઓનો પ્રયોગ કરવામાં આવે છે આમ સંગીત એ માત્ર મનોરંજન નથી પણ

સંગીત એક શ્રેષ્ઠ ઉદાહરણ - માહિતી મંચ

- સંકલન : દિનાબેન ડી. ડોડીયા

બિમારીઓનાં ઇલાજમાં પણ સંગીત લાભદાયક છે.

સંગીતમાં રહેલી રોગની દૂર કરવાની ક્ષમતાની ઓળખ ભારત અને ચીનના પ્રાચીન ઋષિમુનિઓએ આપી હતી. ભારતના યોગીઓ ધ્વનિ શક્તિનો ઉપયોગ કરી માનસિક બિમારીઓ દૂર કરતા હતા.

આજે અનેક રાગની શોધ કરવામાં આવી છે. જેના દ્વારા પાચક ગ્રંથિઓ વધારે સક્રીય બને છે શ્વાસની ગતિ સરળ બને છે એટલું જ નહિ કેટલાક રાગમાં તો જીદી સ્વભાવને સરળ અને સહજ બનાવવાની ક્ષમતા રહેલી છે મનો ચિકિત્સક તો એવી પણ સલાહ આપે છે કે ચિંતાથી દૂર રહેવું હોય તો સંગીતનું શરણું લો તો ચોક્કસ શાંતિ મળશે.

મ્યુઝિક થેરાપીસ્ટનું કહેવું છે કે કફને કારણે થતી બિમારીઓ માટે રાગ ભૈરવી માનસિક ચંચળતા અને ક્રોધમાં રાગ મલ્હાર અને જયજયવંતી, બ્લડ પ્રેશરમાં રાગ આશાવરીનો પ્રયોગ થવો જોઇએ. શ્વાસ સંબંધીત બિમારી, ટીબી, ખાંસી, દમ, વગેરેમાં રાગ ભૈરવી અને પેટનાં રોગો માટે પંચમ રાગનો પ્રયોગ જાણવામાં આવ્યો છે. ઉન્માદની સ્થિતિમાં રાગ ખમાજ, અનિદ્રામાં રાગ નીલાંબરીનો ઉપયોગ લાભદાયક છે. શ્રીરાગની પાચનક્રિયા સારી રહે છે. શરીર સારી રીતે કામ કરે તે માટે રાગ તોડીનો ઉપયોગ થાય છે.

સંગીત શબ્દ સ્વયં કેવો મહાન છે. તેની ખૂબી એ છે કે તે અખંડ શબ્દ છે એટલે કે ત્રણ અક્ષરથી બનેલા આ શબ્દનો કોઇ પણ અક્ષર ગમે ત્યાથી ઉઠાવો તો પણ બાકી વધેલા બે અક્ષરનો એવો અર્થ નીકળે છે જે સંગીત સાથે બંધ બેસતો જ હોય. જેવી રીતે કે સંગીત શબ્દમાંથી ક્રમશ સં... ગી...અને ત... અક્ષરો ઉઠાવો તો અનુક્રમ ગીત, સંત, અને સંગી (સંગી એટલે સંગત કરનાર) શબ્દો બને છે જે ત્રણેય સંગીત સાથે જોડાયેલા છે હવે આ સંગીત શબ્દ પોતે જ ભવ્ય છે, તો પછી તેની સાથે સંકળાયેલું બધું જ ભવ્ય અને અખંડ છે.

સંગીતની શોધ ક્યાંથી થઇ તે અંગે એક માન્યતા એવી છે કે પશું - પક્ષીઓના અવાજમાંથી જે સંગીત પ્રાપ્ત થયું તેનું પછી નામકરણ થયું એટલે કે મોરના ટહુકામાંથી સડજ ચાતકી કંઠની અભિવ્યક્તિમાંથી ઋષભ, બકરાના બે બે માંથી ગાંધારા, કાગડાના કાં કાં માથી મધ્યમ, કોયલનાં કૂહૂ કૂહૂમાંથી પંચમ, દેડકાના ડ્રાઉ ડ્રાઉમાંથી ધૈવત, હાથીના અવાજમાંથી નિષાદ એ પ્રમાણેના સાત રાગ ઉત્પન્ન થયા એમ કહેવાય છે.

સંગીતક્ષેત્ર એ રસપ્રદ કિસ્સો બની ગયો છે એક અમેરિકન મહિલા કોરેનનો પહેલો પુત્ર માઇકલ સંગીતનો શોખીન હતો. કોરેન બીજીવાર સગર્ભા બની ત્યારે ગર્ભસ્થ બાળકીને માઇકલ ગીત સાથે સંગીત સંભળાવતો હતો. હવે બન્યું એવું કે કોરેનની આ બીજી પ્રસુતી વખતે મોટી તકલીફ ઊભી થયેલી. નાનકડી બાળકીને આઇ.સી.યુ.માં દાખલ કરીને તેને બચાવી લેવા અથાગ પ્રયત્નો કર્યા છતાં તે મૃત્યુ તરફ જઇ રહી હતી. ડોકટરે કહ્યું કે તેની અંતિમવિધિની તૈયારી કરો. અચાનક માઇકલે આઇ.સી.યુ.માં દાખલ થઇ આંસુ સાથ પોતાની નાનકડી બેનનાં કાનમાં ગીત-સંગીત શરૂ કર્યું. માઇકલના આંતર મનમાંથી કરૂણા સાથે જન્મેલા પ્રાર્થનારૂપી સંગીતનો ચમત્કાર થયો. નાનકડી બાળાના દેહમાં ચેતના ધબકવા લાગી. નાનકડી બાળા બચી ગઇ. ગીત-સંગીતનો જય જયકાર થયો.

તાજેતરમાં એક સંશોધન અનુસાર હાથી માનવીની જેમ ગાઇ શકે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે હાથીઓ એ પ્રકારે સ્વર કાઢે છે કે જેના કારણે માનવી જેમ ગાય છે. તે પ્રકારે હાથી પણ ગાતા હોય તેવું લાગે છે પરંતુ તેનો નાદ એટલો બધો ઘીમો હોય છે કે સામાન્ય રીતે આપણે તે સાંભળી શકતા નથી.